# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-04-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

-----------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# STATE VOTE COUNT

રાજ્યભરમાં આવતીકાલે સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણી માટે યોજાનારી મતગણતરી માટે તંત્ર દ્વારા વિશેષ તૈયારી કરવામાં આવી છે.

ગાંધીનગરમાં દહેગામ અને કલોલ નગરપાલિકા, દહેગામ, માણસા અને કલોલ તાલુકા પંચાયતની તથા જિલ્લા પંચાયત માટેની મતગણતરી સૅક્ટર 15 આર્ટ્સ કૉલેજમાં કરાશે.

તો, મહેસાણામાં મહાનગરપાલિકા માટે શહેરની અર્બન વિદ્યાલય ખાતે મતગણતરી થશે. આ ઉપરાંત ખેરાલુમાં આદર્શ નિવાસી શાળા, વડનગરની સરકારી પૉલિટેક્નિક કૉલેજ, સતલાસણાની આર. એમ. પ્રજાપતિ આર્ટ્સ કૉલેજ, વિસનગરની I.T.I. કૉલેજ, વિજાપુરની પિલવાઈ કન્યા છાત્રાલય સહિતના કેન્દ્રમાં સવારથી જ મતગણતરી શરૂ થશે.

ભાવનગરમાં ગઈકાલે શાંતિપૂર્ણ માહોલમાં મતદાન વચ્ચે નવો વિક્રમ પણ સર્જાયો હતો.

## (VOICECAST: SURESH TRIVEDI)

તો, ભરૂચમાં ગઈકાલે છ વાગ્યા સુધીમાં નગરપાલિકામાં 67, તાલુકા અને જિલ્લા પંચાયતમાં સરેરાશ 72 ટકા મતદાન નોંધાયાના અહેવાલ છે.

# ELECTION DATA OVERALL

રાજ્યની 15 મહાનગરપાલિકા, 84 નગરપાલિકા, 34 જિલ્લા પંચાયત અને 260 તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી તથા 11 નગરપાલિકાની 13 પૈકી નવ બેઠક માટે ગઈકાલે પેટાચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં યોજાઈ ગઈ. રાજ્યભરમાં નવી નવ સહિત 15 મહાનગરપાલિકામાં સરેરાશ 49.02 ટકા મતદાન થયું છે. જ્યારે નગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં સરેરાશ 59.50 અને પેટા-ચૂંટણીમાં સરેરાશ 55.38 ટકા, જિલ્લા પંચાયતોમાં સરેરાશ 61.69 ટકા અને તાલુકા પંચાયતોમાં સરેરાશ 62.38 ટકા મતદાન નોંધાયું. હવે આવતીકાલે 28 તારીખે સવારે નવ વાગ્યાથી મતગણતરી હાથ ધરાશે તેમ રાજ્ય ચૂંટણી આયોગની યાદીમાં જણાવાયું છે.

દરમિયાન સુરેન્દ્રનગરના ચૂડા તાલુકાના જેપર ગામના મતદાનમથક નંબર 4-5 પર ઇલેક્ટ્રૉનિક વૉટિંગ મશીન – EVMમાં ટૅક્નિકલ ક્ષતિના કારણે તાલુકા અને જિલ્લા પંચાયત માટે આજે સવારથી પુનઃમતદાન થઈ રહ્યું છે.

તો, શાતિપૂર્ણ મતદાન માટેના સહયોગ બદલ મતદારો, રાજકીય પક્ષો, ઉમેદવારો, પત્રકારો, ચૂંટણી સાથે સંકળાયેલા તમામ અધિકારીઓ, કર્મચારીઓ તથા પોલીસના જવાનો અને જાહેરજનતાનો રાજ્ય ચૂંટણી આયોગે આભાર વ્યક્ત કર્યો છે.

# SURAT VGRC

સુરતમાં આગામી પહેલી અને બીજી મેના રોજ દક્ષિણ ગુજરાત વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ- VGRC યોજાશે. આ પરિષદના ભાગરૂપે પહેલી મેથી પાંચમી મે સુધી વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પ્રદર્શન-VGRE પણ યોજાશે, જે સમગ્ર પ્રદેશના ઉદ્યોગો, MSME, સ્ટાર્ટઅપ સંસ્થાઓ અને ઉદ્યોગસાહસિકો માટે એક ઉન્નત મંચ પ્રદાન કરશે. 12 હજાર ચોરસ મીટર વિસ્તારમાં સ્થાપિત થનારું આ પ્રદર્શન સવારે 10 થી સાંજે 6 વાગ્યા સુધી ચાલુ રહેશે.

ત્રીજી VGRC કાપડ, આભૂષણો, કૃષિ અને ખાદ્ય પ્રસંસ્કરણ, કેમિકલ્સ અને પેટ્રોકેમિકલ્સ, પ્રવાસન સહિતના મુખ્ય વિકાસ ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરશે.

# RAJKOT DEATH

રાજકોટ જિલ્લાના જસદણમાં તળાવમાં ન્હાવા પડેલા ચાર બાળકોના મોત થયાના અહેવાલ છે. જેનાથી સમગ્ર પંથકમાં શોકનો માહોલ છે. સાંજ સુધી બાળકો ઘરે પરત ન ફરતા પરિવારજનોએ તપાસ શરૂ કરી હતી જેમાં તળાવના કિનારેથી સાયકલ મળી આવ્યા બાદ વધુ તપાસ કરતા ફાયર બ્રિગેડના જવાનોએ ચારેય મૃતદેહ બહાર કાઢ્યા હતા. કેબિનેટ મંત્રી કુંવરજી બાવળિયાએ ઘટનાસ્થળે પહોંચી પરિવારને સાંત્વના આપી હતી.

**(બાઇટ : કુંવરજી બાવળિયા, કેબિનેટ મંત્રી)**

# STATE WEATHER FORECAST

રાજ્યમાં આગામી ત્રણ દિવસ ગરમી યથાવત્ રહી શકે છે. ત્યારબાદ બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો થતાં તાપમાન 41થી 45 ડિગ્રી સેલ્સિયસ વચ્ચે રહેવાની સંભાવના છે. હવામાન વિભાગની યાદી મુજબ, રાજ્યના મોટા ભાગના શહેરોમાં મહત્તમ તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસને પાર પહોંચ્યું છે. ત્યારે આવતીકાલે કચ્છમાં કેટલાક વિસ્તારમાં હિટવેવ એટલે કે, ગરમીનું મોજું ફરી વળવાની શક્યતા છે.

આ ઉપરાંત આવતીકાલથી બે દિવસ પાટણ, મોરબી અને રાજકોટ જેવા સૌરાષ્ટ્રના કેટલાક ભાગમાં પણ હિટવેવની વચ્ચે દરિયાકાંઠાના વિસ્તારમાં ગરમ અને ભેજવાળી હવા ફૂંકાવાની શક્યતા છે.

તો, ગત 24 કલાકમાં સૌથી વધુ 45 ડિગ્રી સેલ્સિયસ તાપમાન અમદાવાદ અને કંડલા વિમાનમથક પર નોંધાયું છે. જ્યારે ભુજ, રાજકોટ, સુરેન્દ્રનગર અને ગાંધીનગરમાં 44, જ્યારે કેશોદ, ડીસા અને વડોદરામાં 43 ડિગ્રી સેલ્સિયસ તાપમાન રહ્યાના અહેવાલ છે.

# MEHSANA SPCDF

ગુજરાત સહકારી દૂધ માર્કેટિંગ સંઘ-GCMMFના અધ્યક્ષ અશોક ચૌધરીને કેન્દ્ર સરકાર વધુ એક મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે.

શ્રી ચૌધરીને સહકાર મંત્રાલય દ્વારા સરદાર પટેલ કો. ઓપરેટિવ ડેરી ફેડરેશન- SPCDFના નિયામક તરીકે નિમણૂક અપાઈ છે. તેઓ મહેસાણાની દૂધસાગર ડેરીના અધ્યક્ષ તરીકે પણ સેવા આપી રહ્યા છે.